ગાંધીનગર સમાચાર

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો

## પેટ્રોલમાં ૨.૪૩ અને ડીઝલમાં ૩.૬૦નો ઘટાડો

નવીદિલ્હી, તા. ૩૧

પેટ્રોલની કિંમતમાં આજે ફરી એકવાર લીટરદીઠ ૨.૪૩નો ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે, પેટ્રોલની કિંમતમાં ગુજરાતમાં આ ઘટાડો લીટરદીઠ ૨.૪૩ રહેશે. કારણ કે, ૨૮ પૈસાના વેટનો પણ સમાવેશ થાય છે. બીજી બાજુ ડીઝલની કિંમતમાં આજે ૩.૬૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ભાવ ફેરફારને તાત્કાલિક ધોરણે અમલી બનાવવાનો નિર્ણય કરાયો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૨.૪૩નો ઘટાડો કરવામાં આવ્યા બાદ અમદાવાદમાં પેટ્રોલની કિંમત હવે ઘટીને ૭૬.૦૫ થઈ ગઈ છે. આવી જ રીતે રાજકોટ, સુરત, વડોદરા અને જામનગરમાં પણ પેટ્રોલની કિંમતમાં ઘટાડો થયો છે. પેટ્રોલની કિંમતમાં સાડા ત્રણ મહિનામાં બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે.

પેટ્રોલની કિંમત દિલ્હીમાં હવે ૭૨.૫૧ થઈ જશે જે હાલમાં ૭૩.૬૦ છે. પેટ્રોલની કિંમતમાં ઘટાડો આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો છે. અમેરિકી ડોલર સામે રૂપિયો ઘટ્યો છે. એલપીજી સિલિન્ડરને લઈને હજુ પણ અટકળોનો દોર ચાલી રહ્યો છે. અલબત્ત બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨૩.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં છેલ્લે ૭૦ પૈસાનો ઘટાડો ૧૬મી એપ્રિલના દિવસે કરાયો હતો. ઓઈલ કંપનીઓ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ફેરપાર કરી રહી છે.



**ગુરૂનું ગાન કરવામાં આવ્યું**

ચિલોડા સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ એચિવર ખાતે ગુરૂનો મહિમા રજુ કરતો ગુરૂ ગાન કાર્યક્રમ યોજાયો હતો. શાળાના આચાર્યા સથી મેમ દ્વારા મા સરસ્વતીની આરતી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકોને તિલક કરી ગુરૂ પ્રત્યે આદરભાવ પ્રગટ કર્યો હતો. ગુરૂને લગતા નૃત્યો, નાટકો અને ગીત ગાયા હતા.

# રાજ્યમાં મેઘરાજાના ખમૈયા

ગાંધીનગર, તા. ૩૧

સમગ્ર રાજ્યને ચાર દિવસ ઘમરોળ્યા બાદ મેઘરાજાએ ખમૈયા કરતાં ઉઘાડ નીકળ્યો છે. વરસાદ રહેતા કૃષિ પાકોને જીવતદાન મળી જવા પામ્યું છે. ચાર દિવસ સુધી રાજ્યભરમાં મેઘરાજાએ મનમુકીને મહેર વરસાવી હતી. સાર્વત્રીક વરસાદ બાદ મેઘરાજાએ વિરામ લેતા સૌએ હાંશકારો અનુભવ્યો હતો. ખેતરોમાં અને સોસાયટીઓમાં ભરાયેલા પાણી ધીરે ધીરે ઓસરવા લાગ્યા છે.

ખેતરોમાં પણ ભરાયેલ પાણી ઓસરતા અને વરસાદ રહેતા ખેડૂતોએ રાહત અનુભવી છે. કારણ કે જો વધુ પાણીનો ભરાવો ખેતરમાં થાય અને ઓસરે નહી તો વાવેતર નિષ્ફળ જાય અને પાકને નુકસાન થાય. રાજ્યભરમાં વાતાવરણ બદલાયુ છે અને ઉઘાડ નીકળવા પામ્યો છે. જનજીવન પુનઃ રાબેતા મુજબ ધમધમવા લાગ્યું છે. લૉપ્રેશર સિસ્ટમ ફંટાઈ જતા રાજ્યમાં વરસાદનું જોર સાવ ઘટી જવા પામ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૩ જિલ્લાના ૪૪ તાલુકાઓમાં જ સામાન્ય વરસાદ નોંધાયો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

## ચૌધરી કન્યા વિદ્યાલયમા ગુરુપૂર્ણિમાની ઉજવણી

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ યોજાયો હતો. બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય તરફથી પૂ. તપસ્વિની દીદી, ગાયત્રી પરિવાર તથા દાતાશ્રીઓ અને આચાર્યા શ્રી સંતોકબહેન ચૌધરીના હસ્તે દીપપ્રાગટ્ય કરાયું હતું.

## ઓપન પેરા બેડમિંગ્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લેવા પારૂલ પરમાર ઈન્ડોનેશિયા જવા રવાના

ગાંધીનગર, તા. ૩૧

અર્જુન એવોર્ડ વિજેતા બેડમિંગ્ટન ખેલાડી કુ. પારૂલ પરમાર ઓપન પેરા બેડમિંગ્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લેવા ઈન્ડોનેશિયા જવા રવાના થઈ છે. ભારતમાંથી આ ટૂર્નામેન્ટમાં ૧૨ ખેલાડીઓ ભાગ લેવા જઈ રહ્યા છે.

અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાગ લઈ વિવિધ ટ્રોફિ અને મેડલ્સનો ખડકલો કરનાર ગાંધીનગરની જાણીતી બેડમિંગ્ટન ખેલાડી કુ. પારૂલ પરમાર વધુ એક સ્પર્ધામાં ભાગ લેવા ઈન્ડોનેશિયા જઈ રહ્યા છે. આગામી તા. ૪ થી ૮ ઓગષ્ટ દરમ્યાન ઈન્ડોનેશિયાના સોલો સીટી ખાતે યોજાનાર ઓપન પેરા બેડમિંગ્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લેવા માટે તેઓ મુંબઈથી ઈન્ડોનેશિયાની ફલાઈટ પકડશે. આ ઓપન પેરા બેડમિંગ્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લેવા માટે પારૂલ પરમાર સહિત ભારતના ૧૨ ખેલાડીઓ સોલો સીટી જઈ રહ્યા છે. કુ. પારૂલ પરમાર આ સ્પર્ધામાં સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ ડબલ્સમાં ભાગ લેશે. થોડાક સમય પહેલા જ સ્પેનમાં યોજાયેલી એક બેડમિંગ્ટન સ્પર્ધામાં તેઓએ સિંગલ્સમાં ગોલ્ડ અને ડબલ્સ તથા મિક્સ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ૧૧મી વખત ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદેશ જઈ રહેલા કુ. પારૂલ પરમાર ઈન્ડોનેશિયાથી પરત આવીને સપ્ટેમ્બર માસમાં ઈંગ્લેન્ડ ખાતે યોજાનાર વર્લ્ડ ચેમ્પિયનશીપની તૈયારીઓમાં લાગી જશે.

## અદબ પલાઠી (પાના નં. ૪ નું ચાલુ)

વ્યક્તિ દાન કરવા પ્રેરાય તેની પાછળ ભાવનાનું બળ જરૂર હોય છે. પણ દાનનો યોગ્ય અને ન્યાયી તેમજ દીર્ઘજીવી પ્રભાવ રહે તેવું કરવા માટે દાનની પ્રક્રિયામાં એક વિચાર, એક પદ્ધતિ હોવી જરૂરી બની જાય છે.

અહીં આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું વિધાન નોંધવા જેવું છે. તે કહે છે કે, ''રોજ સો વખત હું મારી જાતને યાદ અપાવું છું કે મને મળ્યું છે તે અને હમણાં જે મળે છે તેની પાછળ અનેક માનવીઓનો પરિશ્રમ ભળેલો છે. મેં જે મેળવ્યું છે તેનો ફાયદો મારા માનવબંધુઓને થાય તો જ મારું જીવન સાર્થક થયું ગણાય. તેથી મારું કર્તવ્ય છે કે મને જેટલા પ્રમાણમાં મળેલ છે અને મળી રહ્યું છે, તેને પૈસા અથવા બીજી કોઈ પણ રીતે પાછું આપવું જોઈએ.''

સંપત્તિ આપણા ચહેરા પર જે મહોરું ચોંટાડી દે છે તેને ફગાવી દેવાથી ફળવાફૂલ થઈ જવાય છે અને સ્વની દિશામાં આગળ વધી શકાય છે. અન્ય સાથે કામ કરવાની ક્ષમતા અને પોતાની અસરકારકતાથી પ્રાપ્ત થતી આ સત્તા દુન્યવી સત્તાઓ કરતાં ઊંચી છે. નાણાંનો અતિરેક આપણને મિત્રો અને સત્યથી દૂર લઈ જાય છે. તેથી સ્પષ્ટ બની વિશ્વાસ કેળવી સ્વાવલંબી બનીએ. વાંચીએ, વિચારીએ. નાણાં કદી વૃદ્ધાવસ્થાને દૂર ઠેલી શકતાં નથી કે મૃત્યુથી ઉગારી શકતાં નથી. આપણને બચાવે છે પરમાર્થ અને પરિવર્તનનો આધ્યાત્મિક સ્વીકાર.

નારાયણમૂર્તિ અને સુધામૂર્તિ. આ દંપતી દાન કરનારાઓનું પ્રશંસક છે. બિલ ગેટ્સ અને તેમની પત્નીએ અઠયાવીસ અજબ ડોલરનું દાન કર્યું. અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનમાં આઠસો લોકો કામ કરે છે. તેમણે બે અબજ ડૉલરનું દાન કર્યું છે. આ વિશ્વની વસતી પ્રત્યેક વ્યક્તિ ફૂલ નહિ ફૂલની પાંખડી દાન આપે જ છે. દાનનો મહિમા કર્ણના ભારતમાં સમજાવવાનો ન હોય. મારી આવકમાં અન્ય પણ પરોક્ષ રીતે ભાગીદાર છે, એવી સમજ દાન આપનારમાં હોય એ અગત્યનું છે!

**મિસરી**

**પાની બાઢે નાવ મેં, ઘર મેં બાઢે દામ;**
**દોનોં હાથ ઉલેચિયે યહી સજ્જન કો કામ.**

(સંત કબીર)

(sms - જીતુભાઈ એન. શાહ, અ'વાદ)

## સાહિત્ય વૃત્ત (પાના નં. ૪ નું ચાલુ)

સાહિત્ય એટલે...

સાહિત્ય એટલે પ્રજાના - જનતાના વિચાર, વાણી, આચરણ-કરણી, તેમના અંતરની ભાવનાઓ અને તેમનાં જ્ઞાન, વિજ્ઞાન અનુભવજ્ઞાન, તત્ત્વજ્ઞાન, શાસ્ત્રીયજ્ઞાન, બ્રહ્મજ્ઞાન કે કોઈ પણ પ્રકારના જ્ઞાન વિગેરે અંગેની કોઈ પણ ભાષામાં લખાયેલી, સંગ્રહાયેલી અને સચવાયેલી અમોલ મૂડી! સાહિત્યકાર એટલે કે સાહિત્યના રચનાર - લેખક - સાક્ષર અને સાહિત્યોપાસક એટલે કે સાહિત્યની આદરપૂર્વક ઉપાસના કરનાર ઉપાસક - લેખકની અણમોલ સાહિત્ય કૃતિ એટલે કે સાહિત્યની ચીજ, સાહિત્ય રચના - સાહિત્યકળાને કારણે, સાહિત્ય સદાય ઊજળું છે અને કાયમ ઝળહળતું રહે છે.

જેમ ઘર સજાવવા એકલાં સવળાં નળિયાં ન ચાલે - અવળાં પણ જોઈએ, ફક્ત ઊભી ઈંટોથી જ દીવાલ ન ચણી શકાય - આડીઅવળી પણ માંડવી પડે; ફક્ત ઊભા તાંતણાથી (તાણાથી) કાપડ ન વણાય - આડા તાર (વાણો) પણ જોઈએ; તેમ સાહિત્યનું પણ છે. સાહિત્ય - તરુણાવસ્થામાં પોષણરૂપ છે, વૃદ્ધાવસ્થામાં આનંદરૂપ છે, સંપત્તિમાં શણગારરૂપ અને વિપત્તિમાં દિલાસારૂપ છે.

# ગોદરેજ નૂપુરે ક્રીમી હેર કલર ક્ષેત્રને પુનઃ વ્યાખ્યાયિત કર્યું

ભારતની અગ્રણી કુદરતી મહેંદી બ્રાન્ડ ગોદરેજ નૂપુર છેલ્લા એક દશક દરમિયાન લાખો ગ્રાહકોને શુદ્ધ મહેંદી ઉપલબ્ધ કરાવી છે. હવે બ્રાન્ડે તેના પ્રોડક્ટ્સના પોર્ટફોલિયોને વિસ્તારતા ગોદરેજ નૂપુર કોકનટ હિના ક્રીમી હેર કલરની રજૂઆત કરી છે, જે નાળીયેરી તેલના પોષણ અને કુદરતી મહેંદીનું કન્ડીશનિંગ સાથે ભારતની સૌપ્રથમ ઓઈલ આધારિત હેર કલર છે. જીસીપીએલના સુનીલ કટારિયા હેઅદ-ઈન્ડિયા અને ઘણાં સેલિબ્રિટીના હેર સ્ટાઈલિશ જાણીતા હેર સ્ટાઈલિસ્ટ શ્રી તાન્યા નાઝે આ નવીન ક્રીમી હેર કલર બ્રાન્ડ લોન્ચ કરી હતી. ભારતભરમાં કોકોનેટ ઓઈલ સાથેની આ હેર કલમ પ્રથમ છે. આ લોન્ચ દરમિયાન શ્રી ચેતન અને તાન્યાએ હેર કેર અને આગામી કલરિંગ ટ્રાન્ડ વિશે ચર્ચા કરી હતી. ભારતની પ્રથમ અને ઓઈલ આધારિત ક્રીમી હેર કલરની વિશિષ્ટ બાબતોને કાર્યક્રમમાં દર્શાવવામાં આવી હતી. જેમાં ચેતન અને તાન્યાએ હેર કલર લગાવવાનું જીવંત પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન નીચેની બાબતોનો ઉલ્લેખ કરાયો હતો. સામાન્ય રીતે ગ્રાહકો મહેંદી અને નારિયેળીના તેલના મિશ્રણનો ઉપયોગ કરતાં હોય છે, પરંતુ આ પ્રકારની પ્રથમ પ્રોડક્ટ મહેંદી અને નારિયેળી તેલનું મિશ્રણ છે અને અનુકૂળ ક્રીમી ફોરમેટમાં ઉપલબ્ધ છે. સામાજિક-આર્થિક સેગમેન્ટમાં કન્ઝ્યુમર રિસર્ચ દર્શાવે છે કે ૯૦ ટકા મહેંદી અને હર્બલ પાઉડરના ઉપયોગકર્તાઓ તેમની પ્રોડક્ટ તરીકે ગોદરેજ નૂપુર કોકોનટ હિના ક્રીમીનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે.

## અપહરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જુફરામાં યુનિવર્સિટી બ્રાંચમાં નોકરી કરે છે. આ ચાર ભારતીયો પૈકી બે હૈદરાબાદ અને બે કર્ણાટકના હોવાનું જાણવા મળ્યું છે. એક બેંગ્લોરમાંથી અને અન્યો રાયચુરના છે. સ્વરુપે કહ્યું હતું કે, વિદેશમંત્રાલય દ્વારા માહિતી મેળવવામાં આવી રહી છે. મંત્રાલય સંબંધિત પરિવારો સાથે પણ સીધા સંપર્કમાં છે. તેમની સુરક્ષિત મુક્તિ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સ્વરુપે ભારતીયોના અપહરણ કોણે કર્યા છે તે અંગે કોઈ વાત કરી નહતી પરંતુ ટીવી અહેવાલોમાં દાવો કરાયો છે કે, આઈએસ દ્વારા ભારતીયોના અપહરણ કરાયા છે. ભારતીય નાગરિકોના એ વિસ્તારમાંથી અપહરણ કરવામાં આવ્યા છે જે આઈએસના અંકુશ હેઠળ છે. હજુ સુધી કોઈપણ ખંડણીની માંગ કરવામાં આવી નથી. ગયા વર્ષે સરકારે યુદ્ધગ્રસ્ત લિબિયા છોડી દેવા તમામ ભારતીય લોકોને અપીલ કરી હતી. ભારતીયોને છોડાવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. આ તમામ લોકો કામ કરવા માટે લિબિયા ગયા હતા. આઈએસના ત્રાસવાદીઓએ તેમને લિબિયાના સિરતે શહેરમાંથી અપહરણ કરી લીધા હતા. એમ કહેવામાં આવે છે કે આ ચારેય શિક્ષક તરીકે ત્યાં કામ કરી રહ્યા હતા. મિડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ ભારતીય ગુરૂવારથી લાપતા છે. આઈએસના લોકો લિબિયામાં ખતરનાક સ્થિતીમાં છે. ઈરાક અને લિબિયામાં તેમની સ્થિતી પહેલાથી જ મજબુત રહી છે. કેટલાક લોકોની આઈએસના ત્રાસવાદીઓ દ્વારા અપહરણ કરીને ઘાતકી હત્યા કરી ચુક્યા છે. જેથી ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે.

## પ્રસંગસર

(પાના નં. ૪ નું ચાલુ)

લોકમાન્ય તિલક ને પૂછવામાં આવ્યું કે, 'તમને શું થવું ગમે? તિલકજી નો હાજર જવાબ હતો...'જન્મોજન્મ શિક્ષક.. આજે શિક્ષક ખોવાઈ ગયો છે. વાસ્તવ માં શિક્ષકને 'ડેડ સ્ટોક સાથેનો નાતો તોડી ને ફક્ત ..'લાઈવ સ્ટોક (બાળકો).. સાથે જ પૂરતો સમય વિતાવવા આપવો જોઈએ તેવુ લોકમાન્ય તિલક ભારપૂર્વક માનતા.'

લોકમાન્ય તિલકની સ્મૃતિમાં રાષ્ટ્રસેવાના કાર્ય માટે રૂ એક લાખનો એવોર્ડ આપવામાં આવે છે. ગાંધીજીની અસહકારની ચળવળના પ્રથમ દિવસે ૧ ઓગસ્ટ,૧૯૨૦ ના દિવસે ટિળકનું અવસાન થયું. ગાંધીજી અન્ય ૨૦ લોકો સાથે મુંબઈમાં તેમના અંતિમ સંસ્કારમાં ઉપસ્થિત હતાં. ગાંધીજીએ એમને 'આધુનિક ભારતના નિર્માતા કહયા હતા.

- ભાનુપ્રસાદ એસ. દવે

## રોગચાળાનો ભય

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્ય તંત્ર ખાનગી હોસ્પિટલો કે સંસ્થાઓમાં અપાતી સારવારને ધ્યાને લેતુ નથી પરંતુ ખાનગી દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

જિલ્લાનું આરોગ્યતંત્ર સબ સલામતની વાતો કરી અને જાણે કોઈ બિમાર છે જ નહિ તેવા દાવાઓ કરી રહેલ છે. ગાંધીનગર સિવિલમાં પણ ઓ.પી.ડી.ના દર્દીઓની સંખ્યામાં છેલ્લા બે દિવસથી વધારો જોવા મળી રહ્યો છે. દરમ્યાન ઉભી થયેલી આ પરિસ્થિતિમાં સ્વાઈન ફ્લુના કેસો ના દેખાવ તે માટે તંત્રએ અધિકારીઓને ખાસ તાકીદ કરતાં પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યું છે.

## બદલીની પ્રક્રિયાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ કોઈ વહીવટી કારણોસર બઢતીની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં જ રાજ્યમાં સાર્વત્રિક અને ભારે વરસાદ થતાં બનાસકાંઠા, પાટણ, કચ્છમાં અતિવૃષ્ટિ સર્જાવા પામી હોઈ મોટાભાગનું વહીવટીતંત્ર રાહત બચાવ કામગીરીમાં વ્યસ્ત છે. આથી હવે બઢતીની પ્રક્રિયા વધુ એક સપ્તાહ વિલંબમાં પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. પ્રાપ્ત વિગતો મુજબ અધિકારીઓ ક્યારે બઢતીના હૂકમો થાય તેની કાગડોળે વાટ જોઈને બેઠા છે.

## આરોગતા ચેતજો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈપણ ખાદ્ય ચીજવસ્તુઓ પર તે ચીજ બનાવતી રજીસ્ટર્ડ બ્રાન્ડ અને મેન્યુફેક્ચરીંગ તારીખ ઉપરાંત એક્સપાયર્ડ થવાની તારીખ અંકિત કરવી ફરજીયાત છે. આમ ન કરનાર કંપની કે ફેક્ટરીની સામે ગુનો દાખલ થઈ શકે છે અને આરોગ્ય સાથે ચેડા કરવા અંતર્ગત દંડ અને સજાની પણ જોગવાઈ છે. પરંતુ આ કડક કાયદો ગાંધીનગરમાં સાવ ખોખલો હોય તેમ લાગી રહ્યું છે. તંત્રની નિરસતા કે આળશ જે સમજો તે પરંતુ તેના કારણે ગાંધીનગરમાં એવી બેકરીની બ્રેડ-પાઉં ધૂમ વેચાઈ રહી હોવાનું ધ્યાને આવ્યું છે. જેનું કોઈ નામ-ઠામ નથી..! માત્ર એક પ્લાસ્ટીકની પારદર્શક કોથળીમાં પાઉંના પેકેટ સપ્લાય થાય છે. તેમાં કોઈ બ્રાન્ડ કે મેન્યુફેક્ચર ડેટ તો ઠીક એક્સપાયર્ડ ડેટ પણ લખેલી હોતી નથી. દુકાનદારો અને વેપારીઓ પાંચ-પચ્ચીસ રૂપિયા વધુ કમાવવાની લાલચે આવા બ્રેડ-પાઉં ખરીદીને ગ્રાહકોને ખવડાવી રહ્યા છે. જો કે તંત્રને ધ્યાને હજુ સુધી આ બાબત આવી જ નથી તે પણ તેટલી આશ્ચર્યજનક વાત છે.

એક્સપર્ટનું કહેવું છે કે બેકરી આઈટમ અન્ય સીઝનમાં જેટલી વધુ સારી રહે તેટલી ચોમાસાની સીઝનમાં સારી રહેતી નથી. પેકેટ ખોલ્યાના એકથી દોઢ દિવસમાં જ બેક્ટેરીયા જામી જવાથી તે બેકરી આઈટમ અખાદ્ય બની જાય છે. અને આ અખાદ્ય આઈટમ ખાવાથી વ્યક્તિ બિમારીનો ભોગ બને છે. ઝાડા-ઉલ્ટી થયા બાદ જો સમયસર સારવાર ન લેવાય અને શરીરમાં ગયેલા બેક્ટેરીયા એન્ટીબાયોટીક દવા મારફતે સમયસર મારવામાં ન આવે તો વ્યક્તિનું મૃત્યુ પણ નિપજી શકે છે. ખાસ કરીને બાળકોને જીવનું જોખમ વધુ રહેલું છે..! હવે જોવું રહેશે કે બેરોકટોક ફુલ્યા ફાલેલા આ ધંધા બંધ કરવામાં તંત્ર જાગે છે કે કેમ..?

## મહિલા શિક્ષણ દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી તા ૭ ઓગષ્ટના રોજ મહિલાઓને વિશેષ રૂપે ધ્યાનમાં રાખી મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ દરમિયાન વિદ્યાર્થિનીઓ વિવિધ નામાંકિત યુનિવર્સિટીની મુલાકાત લઈ શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે મહિલાઓને રોજગારીની તકો અંગે પણ સેમિનાર યોજવામાં આવશે. આ તબક્કે એક જ દિકરી હોય તેવી માતાઓનું પણ સન્માન કરવામાં આવશે.માતા સંમેલન પણ યોજવામાં આવશે. જયારે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતી હોય તેવી વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવશે. જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પણ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે.

## રોપાઓનું વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતા નગરની હરિયાળીને મોટુ નુકશાન થતા પ્રકૃતિપ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે. વનવિભાગનુ તંત્ર પણ ત્રણ દિવસથી વૃક્ષોને દુર કરવામાં લાગી ગયુ છે. જેના પરિણામે વરસાદી દિવસોમાં રોપાઓનુ વાવેતર કરવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે.

ચાલુ વર્ષ દરમિયાન વન તંત્ર દ્વારા જિલ્લાના ૧૨૧૫.૬૬ હેકટરમાં રોપાઓનુ વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેની સામે અત્યારસુધી જિલ્લામાં ૫૭૭ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યુ છે. જેના અંતે ૭ લાખ રોપાઓનુ વાવેતર કરી દેવાયુ છે. જો કે રોપાઓની વાવણી પ્રક્રીયા પૂર્ણ થતા હજુ ૧૫ દિવસનો સમય લાગશે તેમ પણ જણાંવાયુ છે.

SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ







### કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

### જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૨ - ૨૪૧૮૭૩) દ્વારા ઓડબલ્યુઆર સી.સી. રોડના કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧૦૦.૦૦લાખ થી ૩૧૬.૦૦ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારક્ષીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામા આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૨/૮/૨૦૧૫થી જોઈ શકાશે. તથા ૧૯/૮/૨૦૧૫ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ wwww.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત, મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૯૩/૨૦૧૫

### જાહેર નિવિદા

### ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડ

ભોંયતળિયે, બ્લોક નં.૧૧, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨ ૫૩૭૫૭, ૨૩૨ ૫૪૫૮૧, ૨૩૨ ૫૪૫૮૩

અત્રેના નિગમના કન્ડમ કરેલ વાહન નં. જી.જે. ૧૮-એ - ૩૩૧ (NE) મોડલ ૧૯૯૬ પેટ્રોલ જેની કાર્યપાલક ઈજનેર દ્વારા અપસેટ વેલ્યુ રૂ. ૧૫૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે જે આદર્શ નિવાસી શાળા, સેક્ટર નં. ૮, ગાંધીનગર ખાતેના સ્થળ ઉપર છે. તથા જી.જે. -૧૮-એ ૭૮૬૨ (ESTEEM) પેટ્રોલ જેની અપસેટ વેલ્યુ રૂ. ૫૦,૦૦૦/- નક્કી કરાવમાં આવેલ છે. જે નિગમની કચેરીના સ્થળ ઉપર ઉપલબ્ધ છે. બંને ગાડીઓની જાહેર હરાજી કરવાની છે તે અંગેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી જાહેરાતની તારીખથી દિન-૧૦માં કચેરી સમય દરમિયાન નિગમની કચેરીએ રજી. પોસ્ટ, સ્પીડ પોસ્ટથી પહોંચાડવાના રહેશે. આ ટેન્ડર ફોર્મ તા. ૧૯/૮/૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકના રોજ ખોલવામાં આવશે.

સહી/-
મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને
વિકાસ નિગમ લી., ગાંધીનગર

માહિતી/૧૦૪૨/૨૦૧૫-૧૬